**Gujarat Samachar Pg 5, 23rd March 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં૧,૯૪૦ પોઈન્ટની વૃદ્ધિ

મુંબઈ, તા. ૨૨ : વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અને આર્થિક પરિસ્થિતિ પ્રવાહી રહેવા છતાં રોકાણકારોએ ક્રીપ્ટોકરન્સીની ખરીદીમાં રસ લેતાં બિટકોઈન થોડા સમય પૂરતો લગભગ ત્રણ સપ્તાહની ટોચે ૪૩,૦૦૦ ડોલરની ઉપર જઈ આવ્યો હતો. દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૨૨ ટકા (૧,૯૪૦ પોઈન્ટ) વધીને ૬૨,૨૨૦ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૦,૨૭૯ ખૂલીને ૬૨,૯૬૯ સુધીની ઉપલી અને ૫૯,૫૮૨ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.